**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૮ ટકા

# પાટનગરમાં ધાર્મિક માહોલ છવાયો

## શિવકથા, રામકથા, શ્રીમદ ભાગવત કથા, હનુમાન ચાલીસા, મોરારીબાપુની કથા, આનંદના ગરબા, મંદિરોના પાટોત્સવ, પગપાળા સંઘ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોના આયોજનો






ગાંધીનગર, તા.૮

આસ્થા અને શ્રધ્ધાનો સૌથી વધુ મહીમા આમ તો શ્રાવણ માસમાં જોવા મળતો હોય છે. પરંતુ ગાંધીનગરમાં છેલ્લા એક માસથી વિવિધ ધાર્મિક કાર્યક્રમોના આયોજનોથી એક અનોખો ધાર્મિક માહોલ છવાયો છે. તો બીજી તરફ લગ્નસરાની મોસમ પણ પુરબહારમાં ખીલી છે. શહેરમાં ધર્મપ્રેમી જનતા દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય રીતે આયોજન કરાઈ રહયું છે. જેમાં વર્ષોથી કાર્યરત આનંદના ગરબા, શિવકથા, રામકથા, હનુમાન ચાલિસા, શ્રીમદ ભાગવત સપ્તાહ, મંદિરોના પાટોત્સવ સહિત ભવ્ય રીતે ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહયા છે અને ભક્તો ભક્તિમય માહોલમાં લીન બન્યા છે.

જયઅંબે પરિવાર દ્વારા સે-૧૩/બી થી ધોળેશ્વર મહાદેવ પગપાળા સંઘ ગયો હતો. જયારે વિવિધ મંદિરો સુધી પગપાળા જતાં ભક્તો પણ નજરે પડે છે. શહેરમાં દૈનિક ભજન કિર્તનની પ્રવૃતિઓ થઈ રહી છે. આનંદ ગરબા મંડળ દ્વારા માતાજીના ગરબા ગવાઈ રહયા છે. દરરોજ શહેરમાં કયાંકને કયાંક આનંદનો ગરબો યોજાઈ રહયો છે. તેથી શહેરમાં ભક્તિમય માહોલ છવાયો છે. લગ્નની મોસમ પણ જામી રહી છે. મે માસમાં અઢળક લગ્નના આયોજનો છે તેથી લોકો વ્યસ્ત બન્યા છે. સાથે જ ઉનાળુ વેકેશનનો માહોલ છવાયો છે. જેથી વેકેશનની રજાઓ માણવા ધર્મપ્રેમી જનતા વિવિધ આયોજન કરી રહયા છે તો પર્યાવરણ પ્રેમી જનતા તેમને મનપસંદ એવા કુદરતી વાતાવરણ મળી રહે તેવા સ્થળો પર જવાનું ગોઠવી રહયા છે. તેથી શહેરમાં ટુર અને ટ્રાવેલ્સનો વ્યવસાય તેજીમાં ચાલી રહયો છે. લોકો મોટા મોટા ગૃપ બનાવીને એક સાથે જવાનું વધારે પસંદ કરે છે જેમાં હાલમાં સૌથી વધુ કાશ્મીર જેવા ઠંડા પ્રદેશો તરફ લોકો જવાનું પસંદ કરી રહયા છે.

જેમાં ટુર અને ટ્રાવેલ્સ તરફથી નાના મોટા બજેટ પ્લાન પણ મુકવામાં આવ્યા છે. જેમાં લોકોને પોસાય તેવા બજેટમાં મોટો પ્રવાસ માણી શકાય છે. જેથી શહેરમાં ઉનાળુ વેકેશનની પણ જમાવટ છે.

આગામી તા.૧૩મીના રોજ મોરારી બાપુની કથાનું પણ ભવ્ય રીતે આયોજન થવા જઈ રહયું છે.

# માતા-પુત્રએ સ્વર્ગસ્થ પિતાની સેવાકીય પ્રવૃત્તિને આગળ ધપાવી

**છેલ્લા ૨૫ વર્ષથી કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે પાણીની પરબ બાંધતા સ્વ. નરેન્દ્ર રાવલના ભગીરથ કાર્યને આગળ વધારતા આ વખતે ૫૧મું પાણી પરબ બાંધ્યુ છે**



ગાંધીનગર, તા. ૮

સ્વર્ગસ્થ પિતા અને પતિની સેવાકીય પ્રવૃત્તિને આજદિન સુધી કાર્યરત કરતા ડૉ. મિલન એન. રાવલ અને કપિલાબેન રાવલનું અનોખું ઉદાહરણ સામે આવ્યું છે. છેલ્લા ૨૫ વર્ષથી ભર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે પક્ષી પરબ બાંધનાર ગાંધીનગરના પક્ષીપ્રેમી સ્વ. નરેન્દ્ર ડી. રાવલની સેવાકીય પ્રવૃત્તિને આગળ વધારતા તબીબ પુત્ર અને ધર્મપત્નિ દ્વારા આ વખતે ૫૧મી પક્ષી પરબ બાંધી છે અને પક્ષીપ્રેમીનું અનોખુ ઉદાહરણ અને સમાજમાં લોકોને પ્રેરણા મળે તેવી પ્રવૃત્તિ કરી રહ્યા છે.

# ડીસ્ટ્રીક અર્લી ઈન્ટરવેનશન સેન્ટર ખાતે ૬ વર્ષમાં ૧૫,૩૮૪ બાળકોની DEICમાં નિદાન કરીને સારવાર અપાઈ



ગાંધીનગર, તા.૮

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દિવ્યાંગ બાળકોના વિકાસ ક્ષેત્રે ખાસ પ્રાધાન્ય આપવામાં આવેલ છે જેને અનુલક્ષીને ગુજરાત રાજય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કુલ ૨૮ ડિસ્ટ્રીક ઓર્લી ઈન્ટરવેશન સેન્ટર કાર્યરત છે. જે અંતર્ગત જીએમઈઆરએસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ગાંધીનગરના 'ડીસ્ટ્રીક અર્લી ઈન્ટરવેનશન સેન્ટર' કેન્દ્રમાં 4-D સ્ક્રીનિંગ પ્રમાણે ૨૦૧૭ થી ૨૦૨૩ સુધી નવા અને ફોલોઅપ સાથે કુલ ૧૫,૩૮૪ બાળકોની DEICમાં નિદાન કરીને સારવાર આપવામાં આવી. જેમાં સેરેબલ પાલસીના ૨૧૧૬, ઓટિઝમના ૫૫૧, ક્લબફૂટના ૨૨૧, ડાઉન સિન્ડ્રોમ ૫૭૭, કલેફ લિફ્ટ ૯૬, કલબફુટ ૨૨૧, જન્મજાત બધિરતા ૨૦૪, પાંડુરોગ ૨૭ અને જન્મજાત મોતિયો માટે ૦૪ બાળકોને વાર કરવામાં આવી છે.

તારીખ ૦૩ એપ્રિલ ૨૦૨૩ના રોજ વિભાગીય નાયબ નિયામક ગાંધીનગર દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત ડીસ્ટ્રીક અર્લી ઈન્ટરવેનશન સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી. આ સેન્ટર ખાતે આપવામાં આવતી તમામ સેવાઓનું તેમણે નિરીક્ષણ કર્યું હતું. તેમ જ આ સેવાઓના બહોળા પ્રચાર માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સેવાઓને અંતરિયાળ ગામડાઓને મળી રહે તે માટે જરૂરી લોકપ્રચાર થાય તેમજ જરૂરી બાળકોને આ સેવાનો લાભ મળી રહે, તે રીતે કામગીરી કરવાનું પણ તેમણે સૂચન કર્યું હતું.

## જન્મદિને વધામણી



વૈદેહી રીકીન સોની



ધાનવી
જગદીશભાઈ પ્રજાપતિ
મો. ૯૯૨૫૩ ૮૧૬૧૭



અંશ અમિતભાઈ પ્રજાપતિ
મો. ૯૮૯૮૭ ૭૫૭૭૩



પ્રિયાંક પટેલ
મો. ૮૨૦૦૨ ૧૫૨૪૪



૧૦ ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ સરઢવ ગામે મૂખેશ્વર મહાદેવના મંદિર ખાતે યોજાયો હતો. જેમાં સરઢવ ગામના સરપંચ કિરીટભાઈ પટેલ, ઉપસરપંચ અશોકભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્ય દિપકભાઈ પટેલ, સેવા સહકારી મંડળીના પ્રમુખ જીતેન્દ્રકુમાર પટેલ, દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખ કનુભાઈ પટેલ તેમજ ગામમાંથી મોટી સંખ્યામાં પધારેલા ખેડૂત મિત્રોને ગામના ગ્રામસેવક મુકેશભાઈ સથવારાએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અને આવનારા આ વિસ્તારમાંથી ઝુમ્બેશના ભાગ રૂપે પ્રાકૃતિક ખેતી ખેડૂતો કરતા થાય જેનાથી જીવ સૃષ્ટીનું સંતુલન જળવાય ખુશખુશાલ જીવનના આધાર સ્તંભ સમાન પ્રાકૃતિક ખેતીને વેગ મળે એવા પ્રયાસો હાથ ધરાયા હતા.



ગાંધીનગરઃ તાલુકાના મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમમાં ૬૦ જેટલા અશક્ત નિરાધાર મંદ બુધ્ધિના વિકલાંગોનું ખાસ આશ્રયસ્થાન ગણાય છે. આ સેવાભાવી સંસ્થા દ્વારા અને અન્ય સેવાકીય પ્રવૃત્તિ કરનાર નાગરીકો દ્વારા વિવિધ જન્મતિથિ પુણ્યતિથી તથા યાદગાર દિવસો નિમિતે વડીલોની સેવા અને મદદ થવા તેમજ તેમના આશીર્વાદ મેળવવા દિવસોની ઉજવણીના ભાગ રોકડરૂપે વસ્તુઓ અને ભોજન રૂપે દાન પ્રવુતિ કરતા હોય છે. આપનું ગ્રુપ સંસ્થા દ્વારા ૬૦ વડીલોને ગ્રૂપના સભ્યોની હાજરીમાં કેરીનો રસ, પુરી-શાક, ખમણ, ભાત અને કઢીનું જમણ પીરસી આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ નિર્મલા બેન અને ઉપપ્રમુખ યશવંત સિંહ ઝાલાએ સેવા પ્રવૃત્તિને બિરદાવી ગ્રૂપનો આભાર માન્યો હતો.



શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ સેક્ટર ૨૧ ખાતે કરવામાં આવ્યું હતુ સાથે ગરમીના લીધે ઠંડી મસાલા છાશ પણ વિતરણ કરવામાં આવ્યું હતુ.

# ગાંધીનગરની પુસ્તક પરબનો પુસ્તક પ્રેમી ભાવકોએ ઉત્સાહથી લાભ લીધો

ગાંધીનગર, તા.૮

દર મહિનાના પ્રથમ રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન બલરામ મંદિર, સેકટર -૧૨, ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજવામાં આવે છે.તદ્દન નિશુલ્ક રીતે આ પ્રવૃત્તિ ચાલે છે. છેલ્લા નવ વર્ષથી સાતત્ય સાથે પરબ યોજાય છે. મે મહિનાની પુસ્તક પરબમાં પુસ્તકો - સામયિકો મળીને કુલ - ૩૧૮ ની આવક થઈ હતી, જ્યારે પુસ્તકો - સામયિકો મળીને કુલ - ૨૦૦ ની જાવક થઈ હતી. અંદાજે ૧૪૦ ઉપરાંત યુવા, વડીલ પુસ્તકપ્રેમી ભાવકોએ પરબની મુલાકાત લીધી હતી. ગાંધીનગરના જાણીતા એડવોકેટ અશ્વિનભાઈ ત્રિવેદી, પૂર્વ મેયર પ્રવીણભાઈ પટેલ, પત્રકાર કશ્યપ નિમાવતે પરબની પ્રવૃત્તિ માટે આનંદ વ્યક્ત કર્યો હતો.જાણીતા ઓર્થોપેડીક ડોકટર કાંતિભાઈ પટેલ અને બીજા અનેક વરિષ્ઠ વાચન પ્રેમીઓ પુસ્તક પરબમાં નિયમિત જોડાતા હોય છે. રોહિણી પરમાર, પ્રજ્ઞાબેન પટેલ, ગજેન્દ્રસિંહ વાઘેલા, રણછોડભાઈ પરમાર, સમીર શાહ, અજય ઉપાધ્યાય, વિષ્ણુસિંહ ચાવડા, તરુણભાઈ, અશોકભાઈ ત્રિવેદી, કિન્નરીબેન ત્રિવેદી, દક્ષાબેન ભાવસાર, નીનાદભાઈ વગેરેએ પરબના આયોજનમાં સહયોગ આપ્યો હતો.



# આદુ, હળદર જેવા મસાલા પાકોના વાવેતર કરતા ખેડૂતો માટે યોજનાઓના લાભ લેવા જોગ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતોને જણાવવાનું કે, ચાલુ નાંણાકીય વર્ષઃ૨૦૨૩-૨૪ માટે i-khedut portal (web site: www.ikhedut.gujarat.gov.in) પરબાગાયતી યોજનાઓના લાભ લેવા ઓનલાઈન અરજીઓ મેળવવા માટે પોર્ટલ તાઃ ૩૧/૦૫/૨૦૨૩ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. જેમાં ક્રમ નંઃ ૭૪ પર- મસાલા પાકો (રાઈઝોમેટીક સ્પાઈસ) ઘટક હાલમાં ચાલુ છે,જે ફકત આદુ, હળદર જેવા કંદમૂળવાળા મસાલા પાકોના વાવેતર કરવા માંગતા/કરતા ખેડૂતો માટે જ હાલમાં અરજી કરવાની રહે છે. આમ,આ ઘટકમાં વરીયાળી પાકના વાવેતર માટે અરજી હાલમાં કરવાની રહેતી નથી. જે અંગેની નોંધ લેવા ખેડૂતોને નાયબ બાગાયત નિયામક દ્વારા અપીલ કરવામાં આવે છે. વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, સહયોગ સંકુલ પાંચમોમાળ, સી-બ્લોક,સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે રૂબરુ સંપર્ક કરી શકાશે અથવા ફોન નં-૦૭૯-૨૩૨૫૭૭૬૦, email : dydir-bag-gnr@ gujarat.gov.in પર પણ સંપર્ક કરી શકાશે.

# પારસમણી ફાઉન્ડેશન દ્વારા મસ્તી કી પાઠશાલા સમર કેમ્પમાં ૮૭ બાળકોએ ભાગ લીધો



ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની સામાજિક પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર સંસ્થા પારસમણી ફાઉન્ડેશન દ્વારા 'મસ્તી કી પાઠશાલા' સમર કેમ્પનું ગાંધીનગર સેક્ટર- ૨૨ ખાતે આવેલા વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રથમ દિવસે ગાંધીનગરના જાણીતા કોરિયોગ્રાફર ઝીન પ્રજ્ઞા ગજ્જર દ્વારા ઝુમ્બા ડાન્સ કરાવવામાં આવ્યો હતો જયારે ટ્રેડિશનલ રમતો સંજય થોરાત દ્વારા રમાડવામાં આવી હતી. ડ્રોઈંગ વર્કશોપ મનાલી દવે દ્વારા લેવામાં આવ્યો હતો. નિસર્ગ સાયન્સ સેન્ટરના શિવાંગભાઈ અને હાર્દિકભાઈ દ્વારા સાયન્સના પ્રયોગ બતાવવામાં આવ્યા હતા. રંગોલી સ્કૂલની ટીમ દ્વારા મેદાન પર રમતો રમાડવામાં આવી હતી જ્યારે છેલ્લા સેશનમાં નાટયકાર કુંતલભાઈ નિમાવત દ્વારા બાળકોને ડ્રામા શીખવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડૉ.પૌલમી પરમાર, ડૉ.મયુર જોષી અને પ્રજ્ઞાબહેન પટેલ હાજર રહ્યાં હતાં. મસ્તી કી પાઠશાલાના બીજા દિવસે રાજુભાઈ પટેલ દ્વારા યોગ, પ્રાણાયામ અને આહાર વિશે માહિતી આપવામાં આવી હતી. નિકિતા વાઘેલા કુલકર્ણી ક્રાફ્ટ વર્કશોપમાં પેપરમાંથી ટોપી બનાવવાનું શીખવવામાં આવ્યું હતું. ખ્યાતિ દેસાઈ દ્વારા કલે મોડલિંગ વર્કશોપ કરવામાં આવ્યો હતો જેમાં માટીમાંથી અનેક વસ્તુઓ બનાવવાની શીખવવામાં આવી હતી. ગાંધીનગરના જાણીતા કોરિયોગ્રાફર મેગી રોકર્સ દ્વારા સતત બે કલાક ધમાલનો ડાન્સ કરાવવામાં આવ્યો હતો તો છેલ્લા બે કલાક બાળકોએ જાતે તૈયારી કરી સ્ટેજ પર્ફોર્મન્સ આપ્યા હતા. કેમ્પના અંતમાં પેરેન્ટ્સ દ્વારા પ્રતિભાવ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે સંજય થોરાત અને ગાયત્રી થોરાતના સૌને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વૈજયંતી ગુપ્તે, ડૉ. મીરા વાટલીયા, ડૉ. મહિપતસિંહ પરમાર હાજર રહ્યાં હતાં. પારસમણી ફાઉન્ડેશન દ્વારા આયોજિત મસ્તી કી પાઠશાલા સમર કેમ્પમાં ગાંધીનગર અને આસપાસના વિસ્તારના વિસ્તારના ૮૭ બાળકોએ ભાગ લીધો હતો. આ સમગ્ર કેમ્પનું આયોજન અને સંચાલન રિદ્ધિ થોરાત દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા રાહી દેસાઈ, તરિશી પરમાર, અક્ષર વૈષ્ણવ, હિયા શાસ્ત્રી, જય જાની, સંજય રાવલ, ઋષિકા ચક્રવર્તી, મીરાબહેન અને વિદ્યાબહેન પસારીએ સહયોગ આપ્યો હતો. મસ્તી કી પાઠશાલા સમર કેમ્પમાં બાળકોએ બે દિવસ ધમાલ મસ્તી સાથે આનંદ માણ્યો હતો.